Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# બેરોજગાર શીર્ષક શ્રેણીની કવિતામાંની કેટલીક કવિતા – હિન્દી કવિ. પરાગ પાવન

-અનુ. કિશન પટેલ

1. તું કોઈનું સંતાન નથી
   નથી કોઈ દેશનો સન્માનીત નાગરિક
   એકપણ રોપ્યું નથી તે બીજ
   તારી માટે કોઈ ગીતની એક પંક્તિ પણ બની નથી
   ને જો તું બેરોજગાર છો તો
   પ્રથમ અને અંતિમ, એક જ છે તારો પરિચય
   કે તું બેરોજગાર છો.

2. સૌપ્રથમ દૂર થશે સ્નેહીઓ
   મિત્રો પણ લેશે વિદાય
   ધીરે ધીરે ડગમગશે શ્રદ્ધા
   પ્રેમ પણ કરશે પીછેહઠ

   મૃત્યુ અને બેરોજગારી
   બે સ્થિતિ જ એવી છે

3. ફૂલ ખીલી રહ્યા છે
   મધમાખી નથી બેરોજગાર

   દાણા ઊગી રહ્યું છે
   નથી ખિસકોલી બેરોજગાર

   પાણી વહી રહ્યું છે
   માછલી પણ નથી બેરોજગાર

   હું માણસ છું
   વિચારું છું કે ક્યારથી આટલું
   શરમજનક થઈ ગયું માણસ હોવું

   લોકો! હું ઝંખી રહ્યો છું
   મધમાખી, ખિસકોલી ને માછલીનું જીવન

પરાગ પાવન (જન્મ : 30 ઑગસ્ટ, 1994, જૌનપુર, ઉત્તર પ્રદેશ) સમકાલીન હિન્દી કવિતાના સંવેદનશીલ અને પ્રતિબદ્ધ કવિ છે. બનારસ હિન્દુ યુનિવર્સિટી અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવી તેમણે સંશોધન અને સર્જન બંને ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેમની કવિતાઓમાં બેરોજગારી, અસમાનતા, માનવીય અસુરક્ષા અને આપણા સમયના સામાજિક યથાર્થનો મર્મસ્પર્શી અવાજ સંભળાય છે. વિવિધ ભારતીય ભાષાઓ ઉપરાંત અંગ્રેજીમાં પણ તેમની કવિતાઓના અનુવાદ થયા છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'જબ હર હંસી સંદિગ્ધ થી' સમકાલીન હિન્દી કવિતામાં એક મહત્વપૂર્ણ ઉમેરો માનવામાં આવે છે.

---